ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન ગાંધીનગર ખાતે બિન શૈક્ષણિક મહેકમની જગ્યા ચાલુ રાખવા તેમજ પુનઃજીવિત કરવાની મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ આઈટીઈ -૧૨૧૭-૫૭-ખ૨

સચિવાલય,ગાંધીનગર

તા.૦૨/૦૨/૨૦૨૧

**વંચાણે લીધા**

**(૧) શિક્ષણ વિભાગનો તા.૨૯.૦૭.૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃ ટીઈયુ/૨૬૧૦/૧૭૭૫/ખ**

**ઠરાવઃ-**

વંચાણે લીધેલ ક્રમાંકઃ(૧)ના તા.૨૯.૦૭.૨૦૧૧ના ઠરાવથી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન ગાંધીનગર ખાતે શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે. ઉક્ત ઠરાવથી મંજૂર થયેલ કુલ જગ્યાઓ પૈકી (૧) ડેપ્યુટી રજીસ્ટ્રાર(૨) યુનિવર્સિટી ડેવલોપમેન્ટ ઓફિસર (૩) કન્ટ્રોલર ઓફ એકઝામિનેશન(૪) વોર્ડન બોયઝ(૫) ઓફિસ સુપ્રિટેન્ડન્ટ એમ કુલ -પાંચ(૫) જગ્યાઓ તા.૧/૧/૨૦૧૬ બાદ યુનિવર્સિટી દ્વારા ભરવામાં આવેલ હતી. આ જગ્યાઓ તા.૨૮.૦૨.૨૦૨૧ સુધી ચાલુ રાખવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબની જગ્યાઓને તા.૨૮.૦૨.૨૦૨૧ સુધી શરતોને આધિન ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે.

| | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ડેપ્યુટી રજીસ્ટ્રાર | ૦૧ |
| ૨ | યુનિવર્સિટી ડેવલોપમેન્ટ ઓફિસર | ૦૧ |
| ૩ | કન્ટ્રોલર ઓફ એકઝામિનેશન | ૦૧ |
| ૪ | વોર્ડન બોયઝ | ૦૧ |
| ૫ | ઓફિસ સુપ્રિટેન્ડન્ટ | ૦૧ |
| | કુલ | ૦૫ |

**શરતોઃ**

(૧) આ જગ્યાનાં ખર્ચ વિભાગની આ હેતુ માટેની સને ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઈમાંથી મેળવવાનાં રહેશે.

IITE
Inward No. ૨૧૨૫
Date ૦૨/૦૨/2021

Estt.
૨/૨/૨૧

(૨) નાણા વિભાગ દ્વારા છુટી કરવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) હંગામી જગ્યા જે હેતુ માટે મંજુર થયેલ હોય તે જ હેતુ માટે તે જગ્યાએ ઉપયોગ કરવાનો રહેશે.

(૪) હંગામી જગ્યાની મુદત પુરી થવાના ૨ માસ અગાઉ જગ્યા ચાલુ રાખવાની જરૂરિયાત હોય તો પુરતા વાજબીપણા સાથે દરખાસ્ત રજુ કરવાની રહેશે.

(૫) ૧ વર્ષ કરતાં વધારે સમયથી ખાલી જગ્યાઓ રદ કરવાની રહેશે.

(૬) ABEYANCE માં મૂકાયેલી જગ્યાઓ નાણા વિભાગની પૂર્વ મંજૂરી વગર ભરી શકાશે નહિ.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૮.૧૨.૨૦૨૦ની નોંધથી તથા અગ્રસચિવશ્રી (શિ)ની તા.૧૩.૦૧.૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.ડી.પટેલ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર્સ એજયુકેશન ગાંધીનગર
- એકાઉન્ટ જનરલ,અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી આધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર.
- નાણા શાખા,બજેટ શાખા, શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ